ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં ઓરેન્જ એલર્ટ, ગરમીનુ રોદ્ર સ્વરૂપ

**શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી : કાતિલ ગરમીની અસરથી નગરનુ જનજીવન સુન્ન પડી ગયુ : દિવસ દરમિયાન આકાશમાંથી અગ્નજવાળ વરસી : શહેરમાં સ્નનાટો : હજુ બે દિવસ સુધી ગરમીનુ પ્રમાણ યથાવત રહે તેવી શક્યતા**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં ગરમીનો પારો આકાશમાં અગ્નજવાળ વરસતા નગરનુ જનજીવન પણ કાતિલ ડી ગ્રીના વધારા સાથે ઉંચુ રહેતા ગરમીનુ રોદ્ર સ્વરૂપ જોવા મળ્યુ




આજે ૪૩.૨ ડી ગ્રી એ પહોંચી ગયો હતો. સિઝનની રેકર્ડ બ્રેક ગરમી સાથે નગરમાં ઓરેન્જ એલર્ટ પણ જારી કરી દેવાયુ છે. ગરમીની અસરથી સુન્ન પડી ગયુ હતુ. ગઈકાલે પણ ગરમીનો પારો ૪૩ ડી ગ્રીએ રહયો હતો. જયારે આજે પણ મહત્તમ તાપમાન ૦.૨ હતુ. હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જારી કરી હજુ પણ ગરમીનો પારો બે ત્રણ દિવસ ઉંચો રહેશે તેમ પણ જણાંવ્યુ છે. આકરી ગરમીએ નગરને બાનમાં લીધુ છે. શહેરીજનો ગરમીથી બચવા ઘરની બહાર નિકળતા નથી. શહેરના માર્ગો તેમજ શોપિંગ બજારમાં પણ ગરમીના લીધે દિવસ દરમિયાન સુનકારા જોવા મળી રહયો છે. બેબાકળા બની ગયા હતા. સવારથી જ વાતાવરણમાં આકરી ગરમી અનુભવાતી હતી. જયારે ધીમે ધીમે બપોર થતા માથે ચઢતા સુરજે નગરને જાણે ભઠ્ઠીમાં ફેરવી દીધુ હતુ. ગરમીના આકરા દાહ આપતી ગરમીથી બચવા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળ્યા ન હતા. જયારે ગરમીના તીખા તેવરથી બચવા માટે વાહનચાલકો પણ શરીરને કપડા વડે ઢાંકીને જતા નજરે પડતા

**લઘુત્તમ તાપમાન પણ ૨૯.૫ ડી ગ્રી રાત્રિના પણ વાતાવરણમાં ગરમીનો અહેસાસ : નગરજનો કાતિલ ગરમીથી બેબાકળા : જનઆરોગ્ય પર વિપરિત અસર**

ગાંધીનગરમાં ગરમીની મોસમ સોળે કળાએ ખીલી છે. દિનપ્રતિદિન ગરમીનો પારો ઉંચે ચઢતો જાય છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો સતત ઉંચો ચઢતા નગરજનો હવે અસહ્ય ગરમી વેઠી રહયા છે. આજે પણ અંશતઃ વધારા સાથે ગરમીનો પારો ૪૩.૨ ડી ગ્રી એ પહોંચી જતા નગરજનોએ કાતિલ ગરમીથી મિજાજના લીધે મોસમની રેકર્ડબ્રેક ગરમી નોંધાઇ હતી. અગાઉ ગરમીનો પારો ૪૩ ડી ગ્રી સુધી સ્થિર રહેતા છેલ્લા બે ત્રણ દિવસથી ઉનાળો વધુ આકરો પુરવાર થતા નગરજનો ગરમીથી બેબાકળા બની ગયા હતા. જયારે આજે ગરમીનુ પ્રમાણ વધતા દિવસ દરમિયાન આકાશમાંથી અગ્નજવાળ વરસી હતી. ચામડીને હતા. દિવસ દરમિયાન નગરના માર્ગો તેમજ શોપિંગ બજારમાં પણ સુનકાર જોવા મળ્યો હતો. અનોખા સન્નાટા વચ્ચે સરકારી કચેરીઓમાં પણ બપોરના સમયે ખાલીપો જોવા મળ્યો હતો. હવામાન વિભાગે ગરમીનો પારો ૪૩ ડી ગ્રીને પાર થઈ જતા નગરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જયારે ગરમીનો

● અનુસંધાન પાના - ૭ પર

# હતાશ ન બનો... પરિણામ કંઈ જીવનનુ આખરી લક્ષ્યાંક નથી

**ધો. ૧૨ સાયન્સના નબળા પરિણામે ધો. ૧૦ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની ચિંતા પણ વધારી દીધી છે : બોર્ડના પરિણામોથી હતાશ થયા વિના નવી દિશા શોધવી જરૂરી**

ગાંધીનગર, તા. ૧૧

ધો. ૧૨ સાયન્સના નબળા પરિણામોએ સૌની ચિંતા વધારી દીધી છે. કોઈ શિક્ષણ વ્યવસ્થાનો દોષ કાઢે છે તો કોઈ પોતાના નસીબનો વાંક કાઢે છે. જે હોય તે પરંતુ હવે હકીકતનો સામનો કરવા મનને મજબુત બનાવવાનો સમય પાકી ગયો છે. એ યાદ રાખવુ જરૂરી છે કે બોર્ડના પરિણામોએ જીવનનુ આખરી પરિણામ નથી. લક્ષ્ય નક્કી કરો અને ફરીથી મહેનત કરવા લાગી પડો. સફળતા પાક્કી જ છે.

ગઈકાલે ધો. ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયુ. આ વર્ષે પરિણામ નબળુ આવ્યુ. કહી ખુશી, કહી ગમ જેવા દશ્યો સર્જાયા. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને મંત્રીઓએ જાતભાતના એનાલીસીસ કરી નાંખ્યા. કોઈએ શિક્ષણ વ્યવસ્થાને દોષ આપ્યો તો કોઈએ પરીક્ષા પદ્ધતિને. પરંતુ હકીકત એ છે કે હવે જે વીતી ગયુ તેના પર વિલાપ કરવાનો અર્થ નથી. ફરીથી મનને મજબુત બનાવો અને લક્ષ્ય નક્કી કરી પુનઃ મહેનત કરવાનુ શરૂ કરો. વાલીઓ આમાં મોટી પહેલ કરી શકે છે. બાળકની સાથે પોતે નિરાશ ન થવુ જોઈએ. બાળકને બને એટલી ઝડપથી નિરાશામાંથી બેઠુ કરવુ પડશે. તે માટે પરિવારનો સહયોગ અત્યંત જરૂરી છે.

**સમયસર**

વિદ્યાર્થીઓ પણ જેટલી ઝડપથી નિરાશા ખંખેરી આગળ ચાલવાનુ મજબુત મન બનાવશે તો ઝળહળતી સફળતા મળશે જ... યાદ રાખો તમારા એકલાનુ પરિણામ નબળુ નથી. સમગ્રતય પરિણામ ઓછુ આવ્યુ છે. ધાર્યા પ્રમાણે માર્કસ ન આવ્યા કે સારો ગ્રેડ ન મળ્યો તો કંઈ નહી... આગળ વધો. પરિણામ નીચુ છે એટલે સ્વાભાવિક રીતે મેરીટ પણ નીચુ આવશે. તમને જે લાઈનમાં જવાની ઈચ્છા હતી તેની કઈ કઈ કોલેજોમાં પ્રવેશની શક્યતા છે તે ચકાસો. ગયા વર્ષે કેટલા માર્કસ પર મેરીટ અટક્યુ હતુ તે ચકાસો. આ વર્ષે તેનાથી નીચુ મેરીટ જશે તે નક્કી છે. તેમને એ લાઈનમાં એડમીશન મળી શકે તેમ હોય તો બહુ સરસ. અને જો ન મળે તો અન્ય શક્યતાઓ ચકાસો. ઈશ્વરે તમારા માટે કંઈકને કંઈક રચ્યુ હશે તેને શોધી કાઢો. રાષ્ટ્રીય કક્ષાની ઘણી બધી સારી ઈન્સ્ટીટ્યૂટ છે તેમાં પ્રવેશ મેળવવાનો પ્રયત્ન શરૂ કરો. પ્રવેશ પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી દો. તે માટેનુ મટીરીયલ શોધો અને આજથી તૈયારી શરૂ કરી દો. હજુ સમય વીતી નથી ગયો. ખૂબ નિરાશા ઘેરી વળી હોય તો મહાનુભાવોની આત્મકથા વાંચો... હકારાત્મક પુસ્તકો વાંચો... તમને એવા વીરલાઓ ચોક્કસ મળી આવશે જેણે ખુબ સંઘર્ષ કરી સફળતા મેળવી હોય... સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અત્યારથી જ શરૂ કરી દો.

એકવાર ધાર્યુ પરિણામ ન આવ્યુ તો શુ થયુ. યાદ રાખો જીવન હંમેશા આગળ ગતિ કરવા માટે જ છે. ઈશ્વરનો આભાર માનો કે આપણે એવા સમાજમાં જીવી રહ્યા છે જ્યાં આપણને બીજી તક મળે છે. આ તક ગુમાવશો નહી. ફરીથી ઉભા થાઓ... જવલંત કારકિર્દી તમારી રાહ જોઈ રહી છે.

**આઇ.એ.એસ.ની બઢતીથી વંચિત રાખી**

# ખાતાકીય તપાસ કરવા બદલ ૧૦ હજારનુ વળતર ચુકવવા હાઈકોર્ટનો આદેશ

**અગાઉ પણ એન એમ ચાવડાના કેસમાં બઢતી ન આપવા બદલ એક લાખના વળતરનો આદેશ કર્યો હતો**

આઈ એ એસની બઢતી મામલે વર્ષ ૨૦૦૩ દરમિયાન એન એમ ચાવડાને ગેરકાયદેસર અને દ્રેષથી પ્રમોશનથી વંચિત રાખવા અને ખાતાકીય તપાસ કરવા બદલ હાઈકોર્ટે રૂ ૧૦ હજારનુ વળતર ચુકવવા માટે આદેશ કર્યો છે. અગાઉ આ કેસમાં ચાવડાને બઢતી ન આપવા બદલ ગુજરાત સરકારના આદેશો રદ કરી રૂ ૧ લાખનુ વળતર ચુકવવા માટે પણ હાઈકોર્ટે આદેશ કર્યો હતો.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં અધિક કલેકટર એન એમ ચાવડાને યુનિયન પબ્લીક સર્વિસ કમિશન આઈ એ એસમાં બઢતી માટે પસંદ કરવામાં આવ્યા હતા. પરંતુ સરકાર અને તત્કાલીન નાયબ સચિવ હર્ષ બ્રહ્મભટ્ટે તેમને ઈરાદપુર્વક આઈ એ એસમાં બઢતીથી વંચિત રાખ્યા હતા. ગેરકાયદેસર રીતે દ્રેષપુર્વક પ્રયત્ન કરી ખોટી ખાતાકીય તપાસ કરાવી તેમને બઢતી આપી ન હતી. આ મામલે એન એમ ચાવડાએ સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલમાં અરજી કરી હતી. તેમને ન્યાય ન મળતા વર્ષ ૨૦૧૨ દરમિયાન હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જે અન્વયે હાઈકોર્ટે ગુજરાત સરકારની આ અંગેની કામગીરી દ્વેષપુર્ણ ઠરાવી હતી અને એડમીનીસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલનો હુકમ રદ કર્યો હતો. જયારે આ કેસ સંદર્ભે હાઈકોર્ટના આદેશ મુજબ ગુજરાત સરકારે એન એમ ચાવડાને રૂ ૧ લાખ ચુકવવા આદેશ કર્યો હતો. જયારે એન એમ ચાવડાએ પોતાના સામેની ખાતાકીય તપાસ ગેરકાયદેસર, દ્રેષપુર્ણ અને બઢતીથી વંચિત ઈરાદા સાથેની હોવાથી શિક્ષાત્મક હુકમને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. આ સંદર્ભે ન્યાયમુર્તિ અનંત દવે તેમજ બિરેન વૈષ્ણવની કોર્ટમાં સુનાવાણી હાથ ધરાઈ હતી. અંતે હાઈકોર્ટે ખાતાકીય તપાસના શિક્ષાત્ક હુકમને દ્વેષપુર્ણનો હોવાથી રદ કરવા આદેશ કર્યો છે. એન એમ ચાવડાને મળતા લાભો એક અઠવાડીયામાં ચુકવી દેવાપણ આદેશ કર્યો છે. જયારે કેસમાં સામાવાળા હર્ષ બ્રહ્મભટ્ટને કોસ્ટના રૂપમાં રૂ ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે.

## સે. ૨૪માં આર.સી.સી. રોડનું કામ બંધ કરાવતાં લોકોમાં રોષ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સે. ૨૪માં આવેલ શિવમ અને સહયોગ ફલેટમાં આર.સી.સી.ના રોડનું કામ આજે સ્થાયી સમિતિના ચેરમેનશ્રીએ એક આદેશ દ્વારા બંધ કરાવતાં સેક્ટરમાં અસંતોષની લાગણી ઉભી થવા પામી છે. આ કામનુ ટેન્ડરીંગ થઈ ગયા બાદ વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો હતો પરંતુ આ પછી મળેલી રજુઆતોને પગલે આજે સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે એક આદેશમાં કામ બંધ કરવાની સૂચના આપી હતી.

આ કામ તાત્કાલિક બંધ થતાં વસાહતીઓ સ્થાયી સમિતિના ચેરમેનને મળવા મનપાની કચેરીએ પહોંચ્યા હતા પરંતુ તેમનો સંપર્ક ન થતાં વસાહતીઓ પરત ફર્યા હતા. જો કે કામ બંધ કરવાના નિર્ણયને પગલે વસાહતીઓ અને સેક્ટરના રહીશોમાં રોષની લાગણી જન્મી છે.

# પ્રોપર્ટી રિટર્ન ફાઈલ નહિ કરનાર અધિકારીઓને શો-કોઝ નોટીસ ફટકારાશે

**એપ્રિલનો પગાર સ્થગિત કર્યા બાદ સરકારનો વધુ આકરો નિર્ણય**

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકારે વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓએ જેમના એન્યુલ પ્રોપર્ટી રિટર્ન ફાઈલ નથી કર્યા તેવા ૫૦૦થી વધુ અધિકારીઓના પગાર અટકાવવાની સાથે શોકોઝ નોટીસ આપવાનો નિર્ણય લીધેલ છે.

મળતી વિગતો પ્રમાણે વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને નિયમીત રીતે દર વર્ષે તેમની મિલ્કતો અંગેનું રિટર્ન ભરી આપવાનું હોય છે. આ વર્ષે મુદત વિતી ગયા પછી પણ ઘણા બધા અધિકારીઓએ તે રિટર્ન ભર્યા ન હતા.

સરકારે રજુઆતોને ધ્યાને લઈ મુદતમાં વધારો પણ કર્યો હતો. આમ છતાં ૫૦૦થી વધુ અધિકારીઓએ તેમના રિટર્ન સરકાર સમક્ષ રજુ ન કરતાં સરકારે તેમનો એપ્રિલ માસનો પગાર સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે.

હવે સરકાર આ બાબતે અત્યંત ગંભીર વલણ દાખવી આવા અધિકારીઓને શોકોઝ નોટીસ આપવાનો પણ નિર્ણય લીધો છે.

આગામી સપ્તાહમાં આ કાર્યવાહી સંપન્ન થઈ જશે તેવા સંકેતો સરકારમાંથી પ્રાપ્ત થયા છે. સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે કે સરકાર ભ્રષ્ટાચારને નાથવા કટિબદ્ધ છે અને એટલે જ આવા અધિકારીઓને શોકોઝ નોટીસ આપવાનો નિર્ણય લીધો છે.

સરકાર દ્વારા કરાયેલા આ નિર્ણય પછી અધિકારીઓમાં આ મુદ્દો આજે સચિવાલયમાં ટોક ઓફ ધી સંકુલ બન્યો હતો.

રાજ્યમાં ૬ હજારથી પણ વધુ વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ જુદા જુદા વિભાગોમાં ફરજો બજાવી રહ્યા છે.

# કલ્ચરલ ફોરમના પુસ્તક મેળામાં વાંચકોને ૨૦ ટકા વળતર અપાશે

**૯ પ્રકાશકોએ ભાગ લીધો : ત્રિદિવસીય પુસ્તક મેળો વેકેશનના સમયગાળામાં બાળકોની વાંચન પ્રવૃતિમાં વધુ રસ જગાવી ઉપયોગી નિવડશે : ડો વિષ્ણુ પંડયા**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવ અંતર્ગત આજે ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે પુસ્તક મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પુસ્તકમેળામા ગુજરાતના ૯ જેટલા પુસ્તક પ્રકાશકોએ ભાગ લીધો હતો. આ ત્રિદિવસીય પુસ્તક મેળા દરમિયાન પુસ્તક પ્રેમીઓને ૨૦ ટકા જેટલુ વળતર આપવામાં આવશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગ્રીષ્મોત્સવની ઉજવણી અન્વયે ત્રિદિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. ત્યારે ગ્રીષ્મોત્સવની ઉજવણીને વધુ શાનદાર બનાવવા માટે શહેરમાં વાનગી સ્પર્ધા તેમજ પુસ્તકમેળાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ગ્રીષ્મોત્સવના પ્રારંભે આજે ઈન્ફાસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે પુસ્તક મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત સાહીત્ય અકાદમીના પ્રમુખ વિષ્ણુ પંડયાએ મંગલદીપ પ્રગટાવી પુસ્તકમેળાનો પ્રારંભ કરાવ્યો હતો. પુસ્તક મેળામાં ૯ જેટલા પ્રકાશકોએ ભાગ લીધો હતો. તા ૧૧ થી ૧૩ મેં દરમિયાન આ પુસ્તક મેળામાં પુસ્તક પ્રેમીઓને ૨૦ ટકા વળતર આપવામાં આવશે. આ તબક્કે ડો વિષ્ણુભાઈ પંડયાએ જણાંવ્યુ હતુ કે શિક્ષિત અને સંસ્કારી નગર તરીકે ઉભરતા ગાંધીનગરમાં વેકેશન દરમિયાન આ પુસ્તકમેળો બાળકો સહીત મોટેરાઓને પણ વાંચન પ્રવૃતિને વેગ આપવા માટે ખુબ જ ઉપયોગી નિવડશે. તેમણે કલ્ચરલ ફોરમના આ પ્રયાસને પણ બિરદાવ્યો હતો. કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ પણ સંસ્થાની વર્ષ દરમિયાનની પ્રવૃતિ અને યોજાતા કાર્યક્રમાની વિગતો આપી પુસ્તક મેળા, વકતૃત્વ સ્પર્ધા અને વાંચન પર્વની વૃતિ પ્રવૃતિમાં સંકળાયેલા સૌ કોઈનો આભાર વ્યકત કર્યો હતો. આ પુસ્તક મેળો બપોરે ૩ થી ૮ કલાક સુધી ખુલ્લો રહેશે.

# ચોમાસા પુર્વે વરસાદી પાણીના નિકાલના લાઈનની સફાઈ કરાશે

ગાંધીનગર તા ૧૧

શહેરમાં ચોમાસા પુર્વે વરસાદી પાણીના નિકાલ માટેની લાઈનની સફાઈ હાથ ધરવા માટે તંત્ર દ્વારા આયોજન કરી દેવામાં આવ્યુ છે. ચોમાસા દરમિયાન નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં વરસાદી પાણીનો ભારાવો ન થાય તે માટે ગરમીના દિવસોમાં જ લાઈનની સફાઈ કરવામાં આવે છે. જેને અનુલક્ષી આ મામલે ટેન્ડર પ્રકીયા હાથ ધરી ટુંકમાં કામ શરૂ કરી દેવાશે.

● અનુસંધાન પાના - ૭ પર

# ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનમાં શહેરના ૫૩ હજાર બાળકો આવરી લેવાશે

ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્યતંત્ર દ્વારા આજે ઓરી-રૂબેલાના રસીકરણ અભિયાન માટે શહેરના ટાસ્કફોર્સની બેઠક કમિશ્નર અમરાણીના અધ્યક્ષપદે યોજાઈ હતી. શહેરના ૯ માસથી ૧૫ વર્ષની આયુ ધરાવતા ૫૩ હજાર બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે. આ માટેનું આયોજન તંત્ર દ્વારા સંકલિત વિભાગોને સાથે રાખી તૈયાર કરવાની કામગીરી આરંભાઈ છે.

આ અભિયાનને સફળ બનાવવા માટે સ્વૈચ્છીક અને સામાજિક સંગઠ્નો ઉપરાંત આઈપીએ, આઈએમએ જેવા સંગઠ્નોનો પણ સહયોગ લેવામાં આવશે. આજની આ બેઠકમાં શિક્ષણ, આરોગ્ય, આઈસીડીએસ તેમજ ડબલ્યુએચઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં ઓરી-રૂબેલા સામે રક્ષણ આપવા રસીકરણ અભિયાનની વિગતો આપતાં મેડીકલ ઓફિસર ડૉ. ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે આગામી તા. ૧૪-૫-૨૦૧૮ના રોજ આરોગ્ય શિક્ષણ તથા આઈસીડીએસના સ્ટાફનો વર્કશોપમાં ઓરી : ઓરી એક પ્રાણઘાતક રોગ છે જે વાયરસ દ્વારા ફેલાય ઝે, ઓરીને કારણે વિકલાંગતા તથા નાની ઉંમરમાં મૃત્યુ થવાની સંભાવના રહેલી છે. રૂબેલા : રૂબેલા વાયરસથી થતો એક ચેપી રોગ છે. જો કોઈ સગર્ભા સ્ત્રીને શરૂઆતના મહિનામાં આ રોગ લાગુ પડે તો બાળકને જન્મજાત રૂબેલા સિન્ડ્રોમ થઈ શકે છે. જેના કારણે ગર્ભપાત અથવા ખોડ-ખાંપણવાળુ બાળક જન્મે છે અને માતા તથા બાળક માટે ઘાતક નિવડી શકે છે.

## શ્રીરંગ પાર્ક કો.ઓ. હાઉસીંગ સ. સોસાયટી લિ.

**વાસણા-હડમતિયા, ખ-૦, ગાંધીનગર - ૩૮૨૨૦૬**

આથી સોસાયટીના સર્વે સભાસદો અને પ્લાટ ધારકોને જણાવવામાં આવે છે કે, મંડળની વર્ષ-૨૦૧૭-૧૮, નવમી વાર્ષિક સાધારણ સભા તા. ૩/૬/૨૦૧૮ને રવિવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે સોસાયટીની ઓફીસ ખાતે વાર્ષિક અહેવાલમાં જણાવેલ કામકાજ કરવા માટે રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદે સમયસર હાજર રહેવા વિનંતી છે. સભાનું કામકાજ પૂર્ણ થયે પરિવાર સાથે ભોજન લઈશું.

**તા.ક.** : દરેક પ્લોટ ધારક તેમજ રહેવાસીએ મંડળીમાં સભાસદ થવાનું બાકી હોય તો તેઓએ તાકિદે દસ્તાવેજી પૂરાવા મોકલી આપવા વિનંતી છે.

**સુરેશભાઈ ડી. પટેલ** — પ્રમુખ — મો. ૯૯૭૪૧ ૩૩૩૯૯

**હેમુદાન જી. ગઢવી** — સહમંત્રી — મો. ૯૪૨૭૦ ૨૨૦૮૩




હવે,
શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli,
Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com